# કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં ૧૩ના મોત

જમ્મુ,તા. ૨૬
વડાપ્રધાન મનમોહનસિંહ અને પાકિસ્તાનના વડાપ્રધાન



નવાઝ શરીફ વચ્ચે અમેરિકામાં શાંતિ મંત્રણા થાય તે પહેલાં જ આજે ફરી એકવાર આતંકવાદીઓએ જમ્મુના કથુઆમાં મોટો આતંકવાદી હુમલો કર્યો હતો. આતંકવાદીઓએ કથુઆ જિલ્લાના હીરાનગર પોલીસ સ્ટેશન અને મોડેથી સામ્બામાં સેનાની છાવણી ઉપર ભીષણ હુમલો કરી દીધો હતો. આ બંને હુમલામાં ૧૩ના મોત થયા છે. જમ્મુ પ્રદેશમાં આર્મી કેમ્પ અને પોલીસ સ્ટેશન પર આ હુમલો કરાયો હતો. માર્યા ગયેલાઓમાં લેફ્ટી કર્નલનો પણ સમાવેશ થાય છે. કથુઆમાં હિરાનગર પોલીસ સ્ટેશન પર આત્મઘાતી હુમલો કરાતા પાંચ પોલીસ જવાન સહિત સાતના મોત થયા હતા જ્યારે નજીકમાં જ સાંભા ખાતે આર્મી કેમ્પ પર કરાયેલા હુમાલમાં લેફ્ટી કર્નલ વિક્રમજિત સિંહ સહિત સેનાના છ જવાનોના મોત થયા હતા. કેમ્પ પર કરાયેલા આ હુમલામાં સીઓ સહિત ત્રણ જવાન ઘાયલ થયા હતા.

મળેલી માહિતી મુજબ પોલીસ ચોકી પરના હુમલામાં પાંચ પોલીસ જવાન અને બે નાગરિકના મોત થયા હતા જ્યારે સામ્બામાં કરાયેલા હુમલામાં છ જવાનો શહીદ થયા હોવાનું જાણવા મળ્યું છે. જોકે આને હજુ સુધી સમર્થન મળ્યું નથી. આત્મઘાતી હુમલાખોરો વહેલી પરોઢમાં આ હુમલો કર્યો હતો. ફરાર થતી વેળા આતંકવાદીઓ સાંભામાં સૈનિકોની એક ચોકી ઉપર પણ હુમલો કરી દીધો હતો. સેના અને આતંકવાદીઓ વચ્ચે ભીષણ ગોળીબાર થયો હોવાનું જાણવા મળ્યું છે. આ હુમલાથી પાકિસ્તાન સાથે શરૂ કરવામાં આવેલી શાંતિ મંત્રણાને ફરી ફટકો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગુરુવારના દિવસે સવારે ૬.૪૫ વાગ્યાની આસપાસ સેનાના વસ્ત્રોમાં આવેલા કેટલાક આતંકવાદીઓએ જમ્મુના કથુઆ જિલ્લાના હીરાનગર ક્ષેત્રમાં પહોંચી જઈને પોલીસ ચોકી ઉપર હુમલો કર્યો હતો. પોલીસ ટુકડી કઈ પણ સમજી શકે તે પહેલાં જ અંધાધૂધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ગોળીબારમાં ઘટના સ્થળે જ પાંચ પોલીસ જવાનો શહીદ થઈ ગયા હતા. અન્ય અનેક લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. હુમલો કર્યા બાદ આતંકવાદીઓ ટ્રકમાં બેસીને ફરાર થઈ ગયા હતા. આ ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ જમ્મુ અને કાશ્મીરમાં હાઈ એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી હતી. કથુઆ જિલ્લાને જોડનાર તમામ માર્ગો બંધ કરી દેવામાં આવ્યા હતા. સેના દ્વારા દરોડા પાડવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. આતંકવાદીઓએ પોલીસ સ્ટેશન અને આર્મી કેમ્પને પ્રથમ વખત એક સાથે ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. મનમોહનસિંહ અને નવાઝ શરીફ ત્રણ દિવસ બાદજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકના ભાગરૂપે ન્યૂયોર્કમાં મળનાર છે. હુમલાને લઈને સમગ્ર જમ્મુ કાશ્મીરમાં તકેદારી વધારી દેવામાં આવી છે. સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યા છે. આ હુમલાથી ફરી એકવાર સાબિત થાય છે કે જમ્મુ કાશ્મીરમાં મોટાપાયે આતંકવાદીઓ હજુ પણ સક્રિય થયેલા છે જે પરિસ્થિતિનો લાભ લઈને વારંવાર હુમલાઓને અંજામ આપી રહ્યા છે.

## પાક સાથે મંત્રણા રદ્દ કરવા ભાજપની માંગ

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલો થયા બાદ ભાજપે આની જોરદાર ઝાટકણી કાઢી હતી અને આ હુમલા બાદ પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફ સાથે વાતચીત ન કરવા વડાપ્રધાન મનમોહનસિંહને અપીલ કરવામાં આવી હતી.

બીજી બાજુ ગૃહ રાજ્ય પ્રધાન આરપીએમસિંહે ભાજપની આ માંગને ફગાવી દીધી હતી અને કહ્યુ હતુ કે એનડીએ સરકાર હતી ત્યારે પણ કારગીલ યુદ્ધ પછી પણ તત્કાલિન પાકિસ્તાની પ્રમુખ પરવેઝ મુશર્રફ સાથે વાતચીત થઈ હતી. ભાજપે આજે પાકિસ્તાન સાથે તમામ પ્રકારની વાતચીત બંધ કરવાની પણ અપીલ કરવામાં આવી હતી. ભાજપે પાકિસ્તાન સાથે મંત્રણા બંધ કરવાની વાત કરીને કહ્યુ છે કે જ્યાં સુધી સ્થિતિ સાનુકૂળ ન બને ત્યાં સુધી વાતચીત કરવી જોઈએ નહીં. ભાજપના પ્રમુખ રાજનાથસિંહે કહ્યુ હતુ કે અમે પોલીસ અને સુરક્ષાદળો પર ત્રાસવાદી હુમલાને કઠોર શબ્દોમાં વખોડીએ છીએ. ભાજપ માને છે કે વડાપ્રધાને સૂચિત મંત્રણા મોકુફ કરી દેવી જોઈએ. ભાજપના અન્ય નેતા વેંકૈયા નાયડુ અને યશવંત સિંહાએ પણ આવી જ પ્રતિક્રિયા આપી હતી. યશવંત સિંહાએ પાકિસ્તાન સરકારને નિષ્ક્રિય તરીકે ગણાવી હતી.

## નવાઝ શરીફ સાથે વાત થવી જ જોઈએ : ઓમર

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ જમ્મુના કથુઆ અને સાંભામાં થયેલા આતંકવાદી હુમલાની જોરદાર ટીકા કરી હતી અને કહ્યુ હતુ કે ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ સ્થાપિત થાય તેમ નહીં ઈચ્છનાર લોકો દ્વારા આ હુમલો કરવામાં આવ્યો છે. ઓમર અબ્દુલ્લાએ કહ્યુ હતુ કે પાકિસ્તાન સાથે વાતચીત ચોક્કસપણે થવી જોઈએ. હુમલાનો સમય દર્શાવે છે કે આનો હેતુ ભારતના વડાપ્રધાન મનમોહનસિંહ અને પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ વચ્ચે સૂચિત મંત્રણા ન થાય તેવો રહેલો છે. નવાઝ શરીફ સાથે વાતચીતની તરફેણ કરીને ઓમર અબ્દુલ્લાએ કહ્યુ હતુકે જમ્મુ કાશ્મીરના લોકો પણ ઈચ્છે છે કે વાતચીતની પ્રક્રિયા આગળ વધારવામાં આવે. જો કે તેમણે ઉમેર્યુ હતુ તે આ અંગેનો નિર્ણય સર્વોચ્ચ સ્તરે લેવામાં આવશે. ઓમર અબ્દુલ્લાનું કહેવું છેકે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાની વિરુદ્ધમાં કામ કરી રહેલી તાકતોને યોગ્ય જવાબ આપવો જોઈએ અને નવાઝ શરીફ સાથે વાતચીત કરવી જોઈએ.

## કર્ણાટકમાં ભારે વરસાદથી આ વર્ષે ૧૧૯ના મોત થયા

બેંગ્લોર,તા. ૨૬

કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારામૈયાએ આજે કહ્યુ હતુ કે કર્ણાટકમાં વરસાદ સંબંધિત બનાવોમાં આ વર્ષે ૧૧૯ લોકોના મોત થઈ ચુક્યા છે. આ ઉપરાંત ૨૭૨૪.૩૭ કરોડનું નુકસાન થયુ છે. મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે તમામ પાસાઓની ચકાસણી કર્યા બાદ આ આંકડાઓ મળ્યા છે. આંતરપ્રધાન સ્તરની કેન્દ્રિય ટીમ સાથે વાતચીત કર્યા બાદ તેમણે કહ્યુ હતુ કે કર્ણાટકમાં રેકોર્ડ ૮૮૮ મીમી જેટલો વરસાદ નોંધાયો છે જે સામાન્ય ૭૫૮ મીમી જેટલા વરસાદ કરતા ૧૭ ટકા વધારે છે. કર્ણાટકમાં આ વર્ષે પહેલી જુનથી ૧૮મી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં ભારે વરસાદ થયો છે. રાજ્યના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત કેન્દ્રિય ટુકડી પણ લઈ ચુકી છે. આંતર પ્રધાન સ્તરની કેન્દ્રિય ટીમ સાથે વાતચીત દરમિયાન તેમણે કહ્યુ હતુ કે આઠ જિલ્લાઓ એવા છે જ્યાં ૪૦ ટકાથી વધારે સરેરાશ વરસાદ થયો છે. જ્યારે ચાર જિલ્લાઓમાં ૩૦થી ૪૦ ટકા વધુ વરસાદ થયો છે. જ્યારે પાંચ જિલ્લાઓમાં સરેરાશ કરતા ૨૦થી ૩૦ ટકા વરસાદ વધારે પડ્યો છે. ટીમને સોંપવામાં આવેલા મેમોરેન્ડમમાં સિદ્ધારામૈયાએ કહ્યુ હતુ કે એપ્રિલ ૨૦૧૩ બાદથી ૧૧૯ લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૧૫૩૬ મકાનો નાશ પામ્યા છે. ૧૩૩૫૭૨ હેક્ટર કૃષિ ભૂમિમાં પાકને નુકસાન થયુ છે. પાકનું નુકસાનનો આંકડો ૩૨૦.૦૩ કરોડનો નોંધાયો છે. આ ઉપરાંત ૧૮૪૬.૪૪ કરોડની કિંમતમાં હોલ્ટિકલ્ચર પાકને નુકસાન થયુ છે. ભારે વરસાદના કારણે નુકસાનનો આંકડો ૨૭૨૪.૩૭ કરોડનો રહ્યો છે.

## પેટ્રોલ કિંમતમાં ફરી ઘટાડો કરવા મોઈલીનો સ્પષ્ટ સંકેત

નવી દિલ્હી,તા.૨૬

તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકોને રાહત મળવાની શક્યતા દેખાઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કેન્દ્રીય પેટ્રોલીયમ પ્રધાન વિરપ્પા મોઈલી પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવાનો સંકેત આપી ચૂક્યા છે. યુપીએ સરકાર એક એવી યોજના ઉપર કામ કરી રહી છે જેના ભાગરૂપે પેટ્રોલની કિંમતમાં ઘટાડો થઈ શકે છે.



જો કે પેટ્રોલની કિંમતમાં કેટલો ઘટાડો ક્યારે કરવામાં આવશે તે અંગે હજુ વાત કરવામાં આવી નથી. વિરપ્પા મોઈલીનું કહેવું છે કે ઈરાન પાસેથી ૧૧ મિલિયન ટનની વધારાની આયાત કરવાની યોજના ઉપર કામ ચાલી રહ્યુંછે. ઈરાન પાસેથી વધારાની આયાતની સ્થિતિમાં રૂપિયામાં ચૂકવણી કરવામાં આવશે. આનાથી ૮.૪૭ અબજ ડૉલરની કિંમત બચાવી શકાશે. મોઈલીનું એમ પણ કહેવું છે કે અગાઉના નિર્ણયોને બદલી કાઢીને અગાઉના પ્રવાહ મુજબ સરકાર આગળની નીતિને બદલવાની યોજના ધરાવે છે.

ડૉલરમાં પેટ્રોલીયમ પેદાશની ખરીદી કરવામાં આવશે નહીં. ઈરાન પાસેથી સસ્તા ભાવમાં ઓઈલની આયાત કરવામાં આવશે. ડીઝલના સંબંધમાં પણ કાપની ગણતરી ચાલી રહી છે. ડીઝલની કિંમતમાં હાલ કોઈપણ પ્રકારનો વધારો કરવામાં આવશે નહીં. જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવાના અનુસંધાનમાં સબસીડીની કિંમત ઉપર ખરીદી કરવા તમામને મંજૂરી આપવામાં આવશે. કેન્દ્રીય પ્રધાન વિરપ્પા મોઈલીએ અન્ય મુદ્દા ઉપર વાતચીત કરતા કહ્યું છે કે તેમની પાર્ટી વાયએસઆર કોંગ્રેસ સાથે ચૂંટણી જોડાણ કરી શકે છે. તેમને કહ્યું છે કે રાજકારણમાં કોઈપણ બાબત શક્ય છે. જગનમોહન જેલમાંથી છૂટ્યા બાદ હવે તેમની પાર્ટી સાથે જોડાણ કરવા ભાજપ અને કોંગ્રેસ બંને તૈયારીમાં છે. પેટ્રોલની કિંમતમાં છેલ્લા ઘણા સમયથી ફેરફારને લઈને ચર્ચા ચાલી રહી છે. ડોલર સામે રૂપિયો પણ હવે અગાઉ કરતા સ્થિર થઈ રહ્યો છે જેથી એમ માનવામાં આવે છે કે પેટ્રોલની કિંમતમાં ઘટાડો થઈ શકે છે.

## કોલસા કૌભાંડ : સાત રાજ્યોને સુપ્રીમ કોર્ટે ફટકારેલી નોટિસ

નવી દિલ્હી,તા. ૨૬

સુપ્રીમ કોર્ટે કોલસા કૌભાંડમાં તેની તપાસને આજે વધુ વિસ્તૃત બનાવીને સાત રાજ્યને નોટિસ જારી કરી હતી. જે રાજ્યોને નોટિસ જારી કરવામાં આવી છે તેમાં ઝારખંડ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી કોલસા બ્લોકની ફાળવણીના સંબંધમાં આ રાજ્યો પાસેથી તેમની ભૂમિકા અંગે માહિતી મેળવવાની ઈચ્છા સુપ્રીમ કોર્ટ ધરાવે છે. સુપ્રીમ કોર્ટે આ રાજ્યો પાસેથી તેમના અભિપ્રાય મેળવવાનો નિર્ણય કર્યો છે. અગાઉ કેન્દ્ર સરકારે કહ્યુ હતુ કે કોલસા બ્લોકની ફાળવણી ખાનગી પક્ષો માટે ખાંણની ઓળખ માટે જ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ રાજ્યો પાસેથી કેટલીક માહિતી મેળવવાના પ્રયાસ પણ કર્યા છે. કેન્દ્ર દ્વારા કોલસા બ્લોકની ફાળવણીના સંબંધમાં તેમની પાસે કઈ માહિતી છે તે જાણવા સુપ્રીમ ઈચ્છુક છે. કોલસા બ્લોકની ફાળવણી માટે સ્પર્ધાત્મક બિડીંગની જરૂર હતી કે કેમ તે માહિતી મેળવવા ઈચ્છે છે. સ્પર્ધાત્મક વપરાશ હેતુ માટે ખાનગી પક્ષો તરફથી કોઈ પ્રક્રિયા રહેલી છે કે કેમ તે જાણવાની યોજના સુપ્રીમની છે.

## કેન્યામાં વધુ હુમલા કરવા અલ શબાબની ફરી ધમકી

નૈરોબી,તા. ૨૬

કેન્યામાં બાન કટોકટીનો અંત આવી ગયો છે અને કેન્યાની પોલીસ અને સુરક્ષાદળો દ્વારા ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે. કેન્યામાં મોલમાં હુમલો કરનાર આતંકવાદી સંગઠન અલ શબાબે કેન્યામાં વધુ હુમલા કરવાની ધમકી આપી છે જેથી સ્થાનિક લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે. કેન્યામાં મૂળ કટોકટી ઘણા દિવસ સુધી ચાલ્યા બાદ ગઈકાલે જ આનો અંત આવ્યો હતો. કેન્યન સુરક્ષાદળો મૂળ કટોકટીનો અંત લાવવામાં સફળ રહ્યા હતા. નૈરોબીમાં વેસ્ટ ગેટ શોપીંગ મોલમાં ૨૧મી સપ્ટેમ્બરના દિવસે આ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. સૈકડો લોકો ઘાયલ પણ થયા હતા. ૭૨ લોકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ આ આતંકવાદી સંગઠને હવે વધુ હુમલા કરવાની ધમકી આપી છે. બીજી બાજુ અધિકારીઓએ કહ્યું છે કે અમેરિકા, બ્રિટન અને ઈઝરાયેલી તપાસ સંસ્થાઓએ સોમાલી આતંકવાદી સંગઠન દ્વારા કરવામાં આવેલા હુમલાના દાવાની ચકાસણીમાં મદદ કરી રહ્યા છે. નૈરોબી શોપીગ સેન્ટરને આ હુમલામાં વ્યાપક નુકસાન થયું હતું. બીજી બાજુ કેન્યન પ્રમુખે પણ કહ્યું છે કે મોલ કટોકટીનો અંત આવી ચૂક્યો છે. અલકાયદા સાથે સંબંધિત અલ શબાબ સંગઠનના આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. ત્રણ દિવસના શોકની જાહેરાત કરવામાં આવી ચૂકી છે. અલ શબાબ અને તેમની ક્ષમતાની બાબત પણ ફરી એકવાર સપાટી ઉપર આવી ગઈ છે. સોમાલીયામાં મોટાપાયે ત્રાસવાદીઓની ભરતી થઈ રહી છે.

શનિવારના દિવસે લંચ ટાઈમ વેળા ગોળીબાર કરી ગ્રેનેટો ઝીકીને આતંકવાદીઓએ હુમલો કરી દીધો હતો. બુધવારની રાત્રે અલ શબાબના લીડરે તેના દ્વારા હુમલો કરાયો હોવાની કબૂલાત કરી હતી અને વધુ હુમલા કરવાની ધમકી પણ આપી હતી. બળવાને રોકવા માટે દક્ષિણી સોમાલીયામાં ઓક્ટોબર ૨૦૧૧માં કેન્યાની કાર્યવાહીનો બદલો લેવા આ હુમલો કરાયો હતો. હવે વધુ હુમલાઓ પણ કરવામાં આવશે. પૂર્વીય આફ્રિકાના સૌથી મોટા અર્થતંત્ર તરીકે કેન્યાને ગણવામાં આવે છે. આ સંગઠને હવે ફંડીગ, ભરતી પ્રક્રિયા હાથ ધરી છે. એક અંગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરાયા હતા.

## મુજફ્ફરનગર હિંસામાં ખાસ સેલની તપાસ શરૂ

મુજફ્ફરનગર,તા. ૨૬

ઉત્તરપ્રદેશના મુજફ્ફરનગરમાં ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસાના સંબંધમાં ખાસ તપાસ સેલ દ્વારા હવે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. વ્યાપક હિંસા ભડકી ઉઠ્યા બાદ ઉત્તરપ્રદેશ સરકારે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન સેલ (એસઆઈસી)ની રચના કરી હતી. કોમી હિંસાના સંબધમાં નોંધાયેલા ૧૦૬ કેસોમાં આ સેલ દ્વારા તપાસ હાથ ધરી દેવામાં આવી છે. કોમી હિંસામાં ૪૯ લોકોના મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. મુજફ્ફરનગર જિલ્લાને બે ઝોનમાં વિભાજિત કરીને તપાસ હાથ ધરવામાં આવી છે. એડિશનલ એસપી મનોજ ઝાં અને પ્રમોદ સેંગરના નેતૃત્વમાં બે ટીમો દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ લોકોએ અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી હતી અને લોકોના નિવેદન પણ નોંધ્યા છે. રમખાણોના સંબંધમાં ૪૩ હત્યા કેસ સહિત ૧૦૬ કેસો નોધ્યા છે. આ કેસોમાં ૪૦૮ લોકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**ભાજપ ગરીબ વિરોધી હોવાનો રાહુલનો દાવો**

## માત્ર એક વ્યક્તિ દેશ ચલાવી શકે છે તેમ ભાજપ માને છે

નવી દિલ્હી,તા. ૨૬

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ છત્તીસગઢના જગદલપુરમાંએક ચૂંટણી સભાને સંબોધતા આજે કહ્યુ હતુ કે ભાજપ ગરીબ વિરોધી વલણ ધરાવે છે. રાહુલે કહ્યુ હતુ કે ભાજપ શાસિત રાજ્યોમાં ગરીબો તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. ભાજપ પર પ્રહાર કરતા તેમણે કહ્યુ



હતુકે વિપક્ષની એવી વિચારધારા છે કે એક અથવા બે વ્યક્તિ દેશને ચલાવી શકે છે જ્યારે કોંગ્રેસ પાર્ટી સામાન્ય લોકોને સાથે લઈને ચાલવામાં વિશ્વાસ ધરાવે છે. ગાંધીએ જગદલપુરમાં આદિવાસી અધિકાર સંમેલનને સંબોધનમાં કહ્યુ હતુ કે ભારતની રાજનીતિમાં બે વિચારધારા છે જેમાં કોંગ્રેસની વિચારધારા અધિકારીની વિચારધારા છે. કોંગ્રેસ પાર્ટી ઈચ્છે છેકે અહીંના લોકોને તમામ અધિકારો મળે અને શક્તિઓ મળે. બીજી વિપક્ષની વિચારધારા એવી છેકે માત્ર એક અથવા બે લોકો જ દેશને ચલાવી શકે છે. તેમણે ઉમેર્યુ હતુ કે દેશમાં વિકાસ થાય તેમ કોંગ્રેસ ઈચ્છે છે પરંતુ વિરોધ પક્ષો દ્વારા અડચણો ઉભી કરવામાં આવે છે. વિકાસની સાથે સાથે સામાન્ય લોકોને તેમના અધિકારો મળે તેમ પણ કોંગ્રેસ ઈચ્છે છે. અહીંના લોકોને ભોજનના અધિકાર, શિક્ષણના અધિકાર મળે તેમ ઈચ્છિએ છીએ. આ જ કારણસર દેશમાં કોંગ્રેસની સરકારે ભોજનના અધિકાર, શિક્ષણના અધિકાર અને કામના અધિકાર જેવા કાયદા બનાવ્યા છે.

## સમાચાર ઝલક

- ♥ સૌરાષ્ટ્રમાં જળબંબાકાર - રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ભાવનગરના તમામ ડેમો ઓવરફલો.
- ♥ અમેરિકામાં વડાપ્રધાન મનમોહનસિંહ ભારતનાં ચાર પડોસી દેશોનાં વડા સાથે મંત્રણા કરશે.
- ♥ રાજકોટ જિલ્લા પંચાયત ભવન સામે આરોગ્ય કેન્દ્રની મહિલા કર્મચારીનો આત્મ વિલોપનનો પ્રયાસ.
- ♥ જી.ટી.યુ.ના પેપરોમાં નિરીક્ષકોને પાંચ ભૂલ માફ, દંડ નહિ થાય.
- ♥ હવે દૂરદર્શન ૬૦૦ ચેનલોનું ફ્રી પ્રસારણ કરશે, ગ્રાહકો માટે ખુશખબર માર્ચથી પ્રસારણ.
- ♥ ડીઝલ મોંઘુ થતાં રેલ્વેની મુસાફરી મોંઘી બનશે.
- ♥ પિત્તાશયના કેન્સરનું વહેલું નિદાન આધુનિક ટેકનોલોજીથી શક્ય બનતાં બચવાની શક્યતાઓ વધી.
- ♥ મુંબઇની તાજમહલ હોટલમાં બુટપોલિશ કરાવવાનો ભાવ ૩૫૦૦ રૂપિયા!
- ♥ ફિલ્મ અભિનેતા અજય દેવગણને આંખમાં ઇન્ફેકશન થયું.
- ♥ નવરાત્રી માટે ટી.વી. કલાકારોનાં ભાવો વધ્યા. એક રાત્રીનાં ૩ લાથી ૬ લાખનો ભાવ
- ♥ કોઇ પણ ધર્મની હોય ૧૨ વર્ષની કિશોરી પત્ની ન બની શકે : મુંબઇ હાઇકોર્ટ.
- ♥ સ્વાસ્થ્ય વીમો નથી? તો સારવાર ૬૦ ટકા સુધી મોંઘી, કોર્પોરેટ હોસ્પિટલોમાં નવો ટ્રેન્ડ.
- ♥ ઉકાઇ કેચમેન્ટ એરિયામાં ૧૨૧ ઇંચ વરસાદ થયો.
- ♥ દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં રોકડની તંગી.
- ♥ જમ્મુમાં બે સ્થળો પર આતંકવાદી હુમલો, ૧૨ વ્યક્તિઓમાં મોત.
- ♥ ગરીબોને મોબાઇલ આપવાની યોજનાનો મુસદ્દો તૈયાર, કેબીનેટમાં મંજૂરી અપાશે.
- ♥ આસામ, પંજાબમાં ભૂકંપનાં આંચકા.

### કેફિયત કલા સાધકની (પાના નં. ૨ નું ચાલુ)

જયંતભાઇના પ્રિય રાગોમાં માલકૌંસ, કેદાર અને હંસધ્વનિ છે. પ. ઓમકાર નાથ ઠાકુરે ગાયેલું ‘‘પગ ધુંઘરૂ બાંધ મીરાં નાચી રે...’’ તેમને અત્યંત પ્રિય છે.

ભારતીય શાસ્ત્રીય સંગીતની તાલીમ તો જીવનના અંતિમ શ્વાસ લગી ચાલે, એનો કોઈ અંત જ નથી તેમ માનનારા જયંતભાઈ જણાવે છે કે, આધ્યાત્મિક વાતાવરણ સર્જતું આ સંગીત શરીરના દરેક સેલમાં વાઈબ્રેશન ખડું કરે છે અને દિવ્યતાની અનૂભૂતિ કરાવે છે. તેમનું માનવું છે કે, પ્રાથમિક શિક્ષકની સાથે શાસ્ત્રીય સંગીતનો વિષય ફરજિયાત હોવો જ જોઈએ. ૮૩ વર્ષની ઉંમર છતાં (હાલ પગે ફ્રેંકચર થયું છે) જયંતભાઈ સંગીતની વાતો કરે છે. ત્યારે ઉત્સાહથી ભારોભાર છલકાઈ જાય છે. મીઠા સંસ્મરણો વાગોળતાં ભાવવિભોર થઈ ઊઠે છે.

જયંતભાઈના બે પુત્રો આશુતોષ અને પરેશ (જેનું ૧૯૯૮માં અકસ્માતમાં અવસાન થયું), પુત્રવધુઓ સ્મિતાબેન અને મીનાબેન અને હોનાહાર પૌત્રીઓ નિયતી (નેશનલ ફુટબોલ પ્લેયર) અને મિનૌતી (ચિત્રકળામાં નિપૂર્ણ) - બંનેને દાદાજી પાસે ગાયન અને વાદનની ૨ વર્ષની તાલીમ પ્રાપ્ત કરી છે. હજુ આગળની તાલીમ દાદાજી પાસે મેળવવા નિયતી અને મિનૌતી ઉત્કંઠ છે.

એક સમયે ગાંધીનગરમાં શાસ્ત્રીય સંગીતની ધૂરા સંભાળનાર તેમજ શાસ્ત્રીય સંગીતને સંપૂર્ણ સમર્પિત એવા જયંતભાઈ પ્રેમાળ, સાલસ અને નિખાલસ વ્યક્તિત્વ ધરાવે છે. જયંતભાઈએ અત્યંત લો પ્રોફાઈલ રાખીને શાસ્ત્રીત સંગીત ક્ષેત્રે આપેલ પ્રદાન ખરેખર ઉત્તમ ઉદાહરણ રૂપ છે. અને સૌ સંગીત રસિકોના તેઓ અભિનંદન અને વંદનને પાત્ર છે.

### વલ્લભભાઈના વડેરા (પાના નં. ૨ નું ચાલુ)

આ સમય એવો હતો કે મોર્લી-મિન્ટો સુધારાના કારણે ચૂંટાયેલા સભ્યોનો ધારાસભાના પ્રવેશનો માર્ગ સરળ બન્યો હતો. જો કે વિદેશી સરકારે એ બાબતની પૂરી તકેદારી રાખેલી કે ચૂંટાયેલા સભ્યો આ માળખામાં વિશેષ અસરકારક ન બની શકે. પરંતુ આ પડકાર વિઠ્ઠલભાઈએ ઝીલ્યો અને થોડા જસમયમાં સમાજને અને સરકારને તેની પ્રતિતી થવા લાગી. ધારાસભાના નિયમો અને કાર્યપદ્ધતિને સંપૂર્ણપણે આત્મસાત કરીને ચરોતરના આ વીર પુરુષે બ્રિટીશ સત્તાને બરાબર હંફાવી. ધારાસભામાં પ્રશ્નો પૂછીને, ઠરાવો લાવીને પ્રજાના પ્રશ્નોને તેમણે વાચા આપી. વિગતોની ચોકસાઈ તથા છટાદાર દલીલોને કારણે તેમના લોકહિતના પ્રશ્નો અંગે ઉપેક્ષા કરવાનું સરકારને માટે અઘરું પડતું હતું. તેમની દીર્ઘદષ્ટિને કારણે પ્રાથમિક શિક્ષણનો વ્યાપ સરકાર વધારે તેવો ખરડો તે જમાનામાં લાવ્યા અને પસાર કરાવી શક્યા. પરંપરાગત ચિકિત્સા પદ્ધિતઓ જેમાં આયુર્વેદ તથા યુનાની પદ્ધતિનો સમાવેશ થાય છે તે કાયદાથી અટકાવવાનો સરકારનો પ્રયાસ તેમણે નિષ્ફળ બનાવ્યો. મુંબઈ ધારાસભાનો તેમનો આ અનુભવ તેમને દિલ્હીની ઈમ્પીરિયલ લેજિસ્લેટીવ કાઉન્સિલના સભ્ય તરીકે પણ ઉપયોગી થયો. ત્યાં પણ તેઓ પ્રથમ કક્ષાના સાંસદ પાર્લામેન્ટરિયન પુરવાર થયા. તેમની આ ક્ષમતાને કારણે જ તેઓ સંસદના પ્રમુખ (સ્પીકર) તરીકે ગૃહના બધા સભ્યોના ટેકાથી ચૂંટાયા. ભારતમાં સંસદ- સંચાલનની જ્યારે કોઈ પદ્ધતિ-પ્રણાલિકા ન હતા ત્યારે તેમણે નવી કેડીઓ અંકિત કરી. નિષ્પક્ષ અને હેતુલક્ષી વલણને કારણે સભ્યોમાં પણ ખૂબ લોકપ્રિય રહ્યા. સંસદને તેમજ ધારાસભાઓને આજે જે ગરીમા પ્રાપ્ત થઈ છે તેમાં પાયાની ઈંટ મુકવાનું પવિત્ર કાર્ય આ ગુજરાતી વીરે કરેલું છે. આજ રીતે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ તરીકે પણ તેમણે દૂરોગામી અસરોવાળા સુધારાઓ દાખલ કરીને સ્થાનિક સંસ્થાઓના ગુણવત્તાયુક્ત અને અસરકારક વહીવટનો એક ઉત્તમ નમૂનો આપ્યો. તે વખત મ્યુનિસિપલ કમિશ્નર કે જેઓ વહીવટી સેવાના એક ઉચ્ચ અમલદાર હતા તેમણે વિઠ્ઠલભાઈના પ્રમુખ તરીકે ના વ્યવહાર અને ઉચ્ચ પ્રણાલિકાઓ સ્થાપવાના પ્રયાસોની ભરપેટ પ્રશંસા લખી છે.

નીડર, નિષ્પક્ષ અને આખાબોલા આગેવાન તરીકેની અપ્રતિમ પ્રશંસા પ્રાપ્ત કરનાર વિઠ્ઠલભાી ગાંધીજી પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા અને માન ધરાવતા હતા. તેમ છતાં ગાંધીજીના વિચારોમાં જ્યાં તેઓ સંમત ન હતા ત્યારે સ્પષ્ટ રીતે કહેવાની આદતવાળા હતા. પરાધિન રાષ્ટ્રની પારાવાર સમસ્યાઓ તરફ દુનિયાનું ધ્યાન દોરવા માટે વિશ્વ પ્રવાસનો થકવી નાખે તેવો આકરો દોર તેમણે શરૂ કર્યો. આ દરમ્યાન જ જીનીવા પાસે ઓકટોબર ૧૯૩૩માં ભારતમાતાના વીર સપૂતે આખરી શ્વાસ લીધા. સંસદીય કાર્યપ્રણાલિ જ્યાં સુધી જગતમાં જીવીત-કાર્યરત રહેશે ત્યાં સુધી વિઠ્ઠલભાઈ સદેહે તો આપણી વચ્ચે નથી પરંતુ તેમનું નામ અને તેમનું યોગદાન માર્ગદર્શક બની રહેશે.